સ્વરાજ્ય લેખમાલા નં. ૩.

પ્રાન્તિક સ્વરાજ્ય.

લેખક
ઇન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક,
બી. એ., એલએલ. બી.

હિન્દ-સ્વરાજ્ય-વિચાર-પ્રચારક ફંડના
મુંબાઈના તંત્રીમંડલ તરફથી
પ્રસિદ્ધ કરનાર,
શંકરલાલ ઘેલાભાઇ બેન્કર, એમ. એ.
૩૪, ચોપાટી રોડ, મુંબાઈ.

કિંમત બે પૈસા. ૫૦ નકલની કીંમત રૂ. ૧-૦-૦
પોષ્ટેજ જુદું.

તંત્રી મંડલ.

બંગાલ

હિરેન્દ્રનાથ દત્ત
એ. રસુલ
જે. ચૌધરી

મુંબાઈ

જમનાદાસ દ્વારકાદાસ
રતનસી ધરમસી મોરારજી
ઉમર સોબાની
શંકરલાલ ઘેલાભાઈ બેન્કર

મદ્રાસ

એની બેસન્ટ
સી. પી. રામસ્વામી આયર
બી. પી. વાડિયા

સંયુક્ત પ્રાન્ત

તેજ બહાદુર સપ્રુ
સી. વાય. ચિન્તામણી
વઝીર હસન

બિહાર

મઝર-ઉલ-હક
પરમેશ્વર લાલ
મુઝમ અલી ખાન.

પ્રાન્તિક સ્વરાજ્ય.

જો સ્થાનિક સ્વરાજ્યનો પાયો શહેર અને જીલ્લા માટે અભિમાનમાં રહેલો છે તો પ્રાન્તિક સ્વરાજ્યનો આધાર પ્રાન્ત માટે પ્રજાના ભાવમાં રહેલો છે. મ્યુનિસિપાલીટી અને લોકલ બૉર્ડ મુખ્યત્વે કરીને તંદુરસ્તી અને કેળવણીની સંભાળ પોતાના પ્રદેશમાં લે છે. પણ પ્રાન્તિક રાજબંધારણ તો સમગ્ર દેશની રાજસત્તાના ભાગ રૂપ હોવાથી ત્હેનો કાર્યપ્રદેશ તેમજ ત્હેનો અધિકાર વધારે વિશાલ હોય છે બલ્કે રાજ્યની સર્વ સત્તાઓ થોડા વધારે પ્રમાણમાં ત્હેને આપવામાં આવે છે. બીજી પાસ સર્વોપરિ સત્તા કરતાં તે પ્રજાના વધારે સીધા અને નિકટ સંબંધમાં આવે છે. ખાસ કરીને એટલા માટે પ્રાન્તિક સરકાર પોતાને સોંપેલું કાર્ય કરવા ઉપરાંત ઘણી રીતે વડી સરકારની હુકુમત એક એજંટ તરીકે બજાવે છે. કરની વધઘટ અને ખર્ચના લાભ ગેર-લાભ, લોકોપયોગી સુધારા અને સ્વતંત્રતાના અંકુશ એ સર્વ પ્રજા પ્રાન્તિક સરકારની મારફત અનુભવે છે. ટુંકમાં સર્વ રીતે પ્રાંતની સરકાર જ રાજસત્તા રીતે પ્રજાને ભાસે છે.

પ્રાન્તિક એકતા.

ઉપરાંત જેમ જીલ્લાની મારફત આપણે પ્રાંતના સંબંધમાં આવીએ છીએ તેમ પ્રાંતની વડેજ આપણે દેશનો સંબંધ સાધીએ છીએ. જેમ જીલ્લામાં તેમજ– ઘણે અંશે– પ્રાંતમાં ભાષાની અને રીતરીવાજની, કુદરતની તેમ જ સ્વભાવની એકતા ઘણી સ્પષ્ટ અને અસરકારક હોય છે. લોકીક આચાર, અને ભાષાના પ્રયોગો, દેખાવની વિવિધતા અને પ્રકૃતિના વિલાસો

દરેકે દરેક ગામ અને તાલુકા અને જીલ્લાને વિલક્ષણ રમણીયતા આપે છે; પરન્તુ ત્હેનું પુરૂં માપ લીધા પછી પણ આખા પ્રાંતની દીપી આવતી એકતા ભૂસાતી નથી પણ ઉલટી વધારે ચમત્કારિક લાગે છે. પ્રાંતનાં ખેતર અને ઘર, કુટુંબ અને લોક જાણે આપણાંજ હોય– આમણા અંતરના ઉંડામાં ઉંડા ભાગ સાથે ઓતપ્રોત હોય એમ આપણને લાગે છે. આનો વધારેમાં વધારે અનુભવ ત્યારે જ થાય કે જ્યારે પ્રાંતની સીમાઓ ઓળંગી આપણે બીજા પ્રાંતમાં જઈએ– અપરિચિત ભાષા સાંભળીએ અને નવાં દ્રશ્યો જોઇએ ત્યારે.

અમારા ધ્યાનમાં છે કે એક જ રાજકીય પ્રાંતમાં બે કે તેથી પણ વધારે જાતના લોકો વસે છે અને અનેક ભાષાઓ બોલાય છે. આપણા મુંબાઇ ઇલાકામાં ગુજરાતી અને દક્ષણી અને કેનેરીઝ લોકો ભેગા વસે છે, અને ત્હેમની પ્રકૃતિ અને રહેણીકરણીના ભેદની અવગણના કરી શકાય જ નહી. પરન્તુ એ પણ સ્પષ્ટ છે કે ઇતિહાસના અનેક પ્રકરણોમાં અને ઉદ્યોગ વેપારની અનેક વ્યવસ્થાઓમાં ત્હેમણે સૈકાઓથી સાથે ભાગ લીધો છે અને ઘણાં ન્હાનાં મ્હોટાં સ્થળોમાં તેઓ સાથે સાથે વસ્યા છે. ઐકયનાં આ તત્વોને, આખા ઇલાકા માટે એક પ્રાંતિક સરકારની સ્થાપનાએ ઘણો વેગ આપ્યો છે અને મુંબાઇ, અમદાવાદ, પુના જેવાં સ્થળોમાં તો બન્ને કોમ વચ્ચે વધતો જતો ઐકયભાવ સ્પષ્ટ રીતે દીસે છે.

પ્રાન્તિક અભિમાન એ સ્વદેશાભિમાનનો મજબૂત પાયો છે. પોતાના પ્રાંત માટે સાત્વિક ભાવ, સમગ્ર દેશ માટે પ્રેમની લાગણીમાં અંતરાય રૂપ થતો નથી પણ ઉલટો ત્હેને સદૃઢ કરી ઉત્તેજીત બનાવે છે. સઉ મ્હોટી પ્રજાની રગેરગમાં રાષ્ટ્રીય

ભાવના વસે છે અને છતાં પણ તપાસ કરતાં માલૂમ પડશે કે તેઓ પોતાના દેશ માટે જેટલી લાગણી ધરાવે છે તેટલીજ બલ્કે તેથી પણ વધારે ભાવ પોતાના પ્રાંત અને જીલ્લા માટે પણ ત્હેમનામાં હોય છે. પરિણામે પાર્લામેન્ટના હુક માટે કે સ્થાનિક મંડલોના ગૌરવ માટે તેઓ જેટલો આગ્રહ રાખે છે તેટલોજ તેઓ પ્રાન્તિક સરકારની સત્તા માટે ધરાવે છે.

વડી અને પ્રાંતિક રાજસત્તા.

આ લાગણીના પરિણામે તેમ જ વહીવટની સગવડને માટે સઉ ન્હાના મ્હોટા દેશો જુદા જુદા પ્રાંતોમાં વહેંચવામાં આવે છે. મહેસુલ અને ખર્ચના સંબંધમાં તે બંને સરકાર વચ્ચે જુદાં જુદાં ખાતાં વહેંચી લેવામાં આવે છે અને પછી– આપણા દેશની માફક– વડી સરકાર પ્રાન્તિક સરકારને અથવા– યુરોપના કેટલાક દેશની માફક–પ્રાન્તિક સરકાર વડી સરકારને અમુક રકમ દર વર્ષે આપે છે. ખાતાંના વિભાગમાં જો કોઈ એક મ્હોટો નિયમ અનુસરવામાં આવતો હોય તો એ છે કે દેશસમસ્તના અસ્તિત્વ અને સલામતીને લગતી બધી બાબતો– લશ્કર અને નૌકાસૈન્ય, સીક્કા અને નોટનું ખાતું, પોસ્ટ અને તાર, મ્હોટી રેલ્વે અને નહેરો– વડી સરકારને હસ્તક રહે છે અને દેશના જુદા જુદા ભાગને નિકટ રીતે લગતી બધી બાબતો– જમીનનું મહેસુલ, ન્યાયની અદાલતો, કેળવણી અને તંદુરસ્તી, પોલીસ અને કેદખાનાં વગેરે– પ્રાન્તિક સરકારને સોંપવામાં આવે છે. આથી એમ સમજવાનું નથી કે પ્રાન્તિક ખાતાં ઉપર વડી સરકારનો કંઇ અધિકાર નથી કે સમસ્ત દેશનાં ખાતાં વિષે પ્રાન્તિક સરકારને કંઈ કરવાનું નથી. થોડા કે વધારે પ્રમાણમાં વડી સરકાર પ્રાંતોના વિકાસ માટે સામાન્ય સિદ્ધાન્તો

આંકે છે અને પ્રાંતની સત્તા મ્હોટાં ખાતાંઓનો વહીવટ કરે છે. ઉપરાંત કેટલાં ખાતાંનો વહીવટ પ્રાન્તિક હોવા છતાં ત્હેની આવકનો અમુક ભાગ વડી સરકારને મળે છે, તેમ ત્હેના ખર્ચનો અમુક હીસ્સો તે આપે છે. જુદા જુદા દેશમાં અને જુદા પ્રાંતો વચ્ચે જે અનેકવિધ વ્યવસ્થાઓ હોય છે તે આપણે જોવાની જરૂર નથી.

ઉપરાંત કેટલીક સત્તાઓ વડી સરકાર પોતાનેજ હુસ્તક રાખે છે. દાખલા તરીકે કર નાંખવાની અને લોનથી નાણું મેળવવાની સત્તા કોઈ વાર પ્રાંતોને નહિ પણ વડી સરકારનેજ હોય છે. કવચિત હિસાબ અને ત્રીજોરી ખાતું સંપૂર્ણ રીતે વડી સત્તાના હાથમાં હોય અને તેથી નાણાંની બધી બાબતોમાં પ્રાંતોને પરાધીન રહેવું પડે. પ્રાન્તિક સરકારનાં અંદાજપત્ર ઉપર વડી સરકાર થોડો કે વધારે અંકુશ અજમાવે અને ત્હેના ખર્ચ અને આવકના આંકડામાં જોઇતો ફેરફાર કરે. વધારામાં અનેક પ્રાંતને લગતી બાબતોમાં તેમજ બીજા દેશો સાથે સંબંધમાં સ્વાભાવિક રીતે વડી સરકારની સત્તા લગભગ સંપૂર્ણ હોય છે. આ અને આવી થોડી કે વધારે મર્યાદાઓ વચ્ચે પ્રાંતો ઘણા દેશોમાં રાજસત્તા ચલાવે છે અને આમ થોડું કે વધારે પ્રાન્તિક સ્વરાજ્ય ભોગવે છે.

પ્રાન્તિક રાજતંત્રનો વિકાસ.

સામાન્ય સિદ્ધાન્ત વિશે આટલું લખ્યા પછી આપણે આપણા દેશ તરફ વળીશું, અને ઘણાને જાણીને આશ્ચર્ય લાગશે કે સને ૧૮૭૦ માં લૉર્ડ મેયોએ જવાબદાર પ્રાન્તિક સત્તાની વ્યવસ્થા કરી તે પહેલાં પ્રાંતો વડી સરકારના ફક્ત નોકરો જ હતા. દરમ્યાન હિન્દ પ્રાંતોમાં વહેંચાયેલો હતો અને ધારા-

સભાને બાદ કરતાં પ્રાન્તિક સત્તાનું સ્વરૂપ લગભગ હાલના જેવું જ હતું. પરન્તુ જે મ્હેસુલ પ્રાંતમાં ઉઘરાવવામાં આવતું અને જે બધો ખર્ચ થતો તે સર્વ વડી સરકારના હીસાબમાંજ લખાતું. જુદા જુદા પ્રાંતો પોતાને હસ્તક નાણાનો હીસાબ રાખતાં પણ તે હિન્દી સરકારના એજન્ટ તરીકે જ. પ્રાંતના અધિકારીઓના હાથમાંથી લાખો અને કરોડો રૂપિયા પસાર થતા ત્હેમાંની એક પાઈ પ્રાંતની કહેવાતી નહિ અને તેથી પ્રાંતના ખર્ચ માટે જોઈતાં નાણાં પોતાની અમુક આવકમાંથી મેળવવાની જવાબદારી ત્હેમને શિર ન હતી. પરિણામે ખર્ચ ઉપર અંકુશ રાખવાની ત્હેમને કંઇ ફરજ રહેતી નહિ કારણકે તે ખર્ચ વડી સરકારને માથે પડતો; તેમ વધારે મ્હેસુલ ઉઘરાવવાની કંઈ લાલચ રહેતી નહિ, કારણ કે વધારાનું મ્હેસુલ પણ હિન્દી સરકારની ત્રીજોરીમાંજ જતું. બિનજવાબદાર વ્યક્તિ–પછી તે મનુષ્ય હોય કે રાજસત્તા–સ્વાભાવિક રીતે ખર્ચ કરવા આતુર રહે છે ત્યારે આવક વધારવાને ઘણીજ બેદરકાર બને છે.

જુદા જુદા પ્રાંતો કંપની સરકારના રાજ્ય નીચે આવ્યા ત્યાર પછી સન ૧૮૭૦–જ્યારે પ્રાન્તિક રાજનીતિમાં ઘણો સુધારો થયો—ત્યાં સુધીમાં ઘણા રાજકીય ફેરફાર થયા. ત્હેમાંનો મ્હોટો સુધારો સન ૧૮૫૮ માં થયો કે જ્યારે હિંદનું રાજ્ય બ્રિટિશ રાજસત્તાને હસ્તક થયું. આ માટે જે અનેક કાયદાઓ પાર્લામેન્ટ આગળ રજુ કરવામાં આવ્યા હતા ત્હેમાં મી. બ્રાઇટે ઘણો અગત્યનો ભાગ લીધો હતો. જે અનેક સૂચનાઓ તે રાજપુરૂષે કરી ત્હેમાંની એક એ હતી કે હિન્દ ઘણો જ વિશાલ દેશ હોવાથી ત્હેને માટે એક વડી સરકાર ન સ્થાપવી પણ જુદા જુદા પ્રાંતની સરકારને જ પોતાના પ્રદેશમાં

સર્વોપરિ સત્તા આપવી અને ત્હેમને બ્રિટિશ રાજતંત્રના સીધા અને નિકટ સંબંધમાં રાખવા. આ વિચાર કદાચિત અવ્યવહારિક છે; પરન્તુ ત્હેમાં સમાયેલો પ્રાન્તિક સ્વરાજ્યનો સિદ્ધાન્ત સ્પષ્ટ અને વ્યવહારિક હતો. છતાં તે તરફ વર્ષો સુધી કંઈ પણ લક્ષ આપવામાં આવ્યું નહિં.

સન ૧૮૫૭ ના બળવાનું શમન કરવામાં હિન્દની સરકારને ઘણો જ ભારે ખર્ચ થયો અને લશ્કરી ખાતામાં મ્હોટા સુધારા કરવાની જરૂર પડવાથી ત્હેના ખર્ચમાં હમેશને માટે મ્હોટો વધારો થયો. બીજી પાસ આવક પ્રમાણમાં ન વધી અને તેથી ૧૮૬૧–૬૨ માં સરકારના નાણાંખાતાને વધારે ને વધારે મુશ્કેલીઓ પડવા માંડી. કેળવણી તેમજ બીજા લોકોપયોગી કામમાં પૈસા ખર્ચવાનું સરકારે જે વચન લોકોને આપ્યું હતું તે પણ એ ગંભીર સ્થિતિમાં પાળી શકાય એવું ન હતું. આથી વધારે કર નાંખવા પડશે એ સ્પષ્ટ થયું; પણ તે કેવી રીતે નાંખવા એ જ પ્રશ્ન રહ્યો. મી. વીલ્સન—જેઓ તે વખતે નાણાં ખાતાના પ્રધાન હતા—ત્હેમણે આ મુશ્કેલીના નિરાકરણ માટે પહેલી યોજના ઘડી અને સર્વ પ્રાન્તિક સરકારના તે વિષે અભિપ્રાય મંગાવ્યા. જુદા જુદા પ્રાંતને સ્થાનિક કર નાંખવાની સત્તા આપવી અને બીજી પાસ કેળવણી વગેરે કેટલાંક ખાતાંનો થોડો ખર્ચ પ્રાંત ઉપર નાંખવો એ આ યોજનાનો સિદ્ધાન્ત હતો. કેટલાક પ્રાંતના અધિકારીઓએ સૂચવ્યું કે વધુ કરની બધી ઉપજ ચોક્કસ રીતે લોકોપયોગી ખર્ચ માટે વાપરવાનો નિશ્ચય સ્પષ્ટ રીતે જાહેર કરવામાં નહિં આવે તો આ વ્યવસ્થા લોકોને રૂચશે નહિં. આ સવાલ સન ૧૮૬૦–૭૦ સુધીના દશકામાં ચર્ચાયો અને પરિણામે જમીનના મહેસુલ ઉપર

નાંખવામાં આવેલો એક આનાનો કર લોકલ બૉર્ડને કેળવણી માટે હસ્તક કરવામાં આવ્યો. પરન્તુ આ શિવાય પ્રાન્તિક કારભારનો બધો ખર્ચ વડી સરકાર પાસેથી મળતી વાર્ષિક રકમમાંથી કરવામાં આવતો.

લૉર્ડ મેયોનો સુધારો.

લગભગ દશ વર્ષ સુધી પ્રાન્તની સ્વતંત્ર જવાબદારીનો સવાલ ચર્ચાયા પછી લૉર્ડ મેયોએ સન ૧૮૭૦–૭૧ માં પહેલો સુધારો કર્યો. પોલીસ, કેદખાનાં, દવાખાના, કેળવણી, રસ્તા, મકાનો, છાપખાનાં અને રજીસ્ટ્રેશન ખાતું–એટલાં ખાતાંના ખર્ચ માટે પ્રાન્તિક સરકારને જવાબદાર બનાવવામાં આવ્યાં અને તે માટે દર વર્ષે એક ચોકકસ રકમ ત્હેમને આપવાનું ઠરાવ્યું. આ ખાતામાં કંઈ વધારે ખર્ચ કરવો હોય તો તે કાં તો પહેલાં બચાવેલાં નાણામાંથી અથવા નવા સ્થાનિક કરની ઉપજમાંથીજ થઈ શકે. જે ખાતાંઓ ઉપર પ્રાન્તિક રાજ્યને અધિકાર આપવામાં આવ્યો ત્હેમાં મહિને રૂ. ૨૫૦) ના પગાર સુધી નવી નીમણુક કરવાની સત્તા ત્હેને સોંપવામાં આવી.

આ વ્યવસ્થા શરૂઆત તરીકે ગમે તેવી સારી હોય પણ હમેશના વહીવટમાં તો તે નભી શકે એવી ન હતી. ઉપર પ્રમાણે પ્રાન્તિક સરકારને ખર્ચનાં ખાતાં ઉપરજ સત્તા આપવામાં આવી પણ મહેસુલ મેળવવાના ખાતાં વડી સરકારના હાથ નીચે રહ્યાં. હવે બધા દેશમાં સરકારી ખાતાનું સ્વાભાવિક વલણ વધારે ખર્ચ તરફ હોય છે; અને આ બાબત ખાસ કરીને ત્યારે જણાઈ આવે છે કે જ્યારે ત્હેને વધારે મહેસુલ ત્રીજોરીમાં ભેગું કરવાની જવાબદારી ન હોય. અલબત લૉર્ડ મેયોની વ્યવસ્થા પ્રમાણે વધારાનાં ખર્ચ ઉપર ઘણુ અંકુશ

હતા; છતાં વડી સરકાર પાસે જુદાં જુદાં આવશ્યક ખર્ચ માટે વધારે નાણાંની માગણી કરતાં પ્રાન્તિક સરકારને અટકાવી શકાય એમ ન હતું. આથી બન્ને સરકાર વચ્ચે ઘણો પત્ર-વ્યવહાર થતો હતો અને ઘણી વાર ત્હેમાં કટુતાના અંશો પણ ભળતા હતા.

આ દોષ સુધારવા માટે લૉર્ડ લીટને સન ૧૮૭૭-૭૯ માં પ્રાન્તિક વ્યવસ્થામાં ઘણા અગત્યના સુધારા કર્યા. તે અનુસાર કેટલાક વધારે ખાતાંનો ખર્ચ ત્હેમના ઉપર નાંખવામાં આવ્યો અને ત્હેમને સામાન્ય વહીવટ, જમીનનું મહેસુલ, આબકારી, સ્ટેમ્પ અને ન્યાયખાતાના ખર્ચ ઉપર નાણાં સંબંધી સત્તા આપવામાં આવી. બીજી પાસ—અને આ સુધારો અતિશય મહત્વનો હતો—ન્યાય ખાતું, આબકારી, સ્ટેમ્પ અને ઇનકમ-ટૅક્સ ની ઉપજ પણ ત્હેમને હસ્તક કરવામાં આવી. આમ અમુક કર અને ખાતાંની ઉપજ પહેલીજ વાર પ્રાન્તિક સર-કારને પોતાના ખર્ચ માટે સોંપવામાં આવી. પરન્તુ આ સુધારા પ્રમાણે પ્રાન્તિક સરકાર પોતાને મળેલા મહેસુલની ઉપજ-માંથી પોતાના ઉપર ચઢાવવામાં આવેલા બધા ખર્ચનાં નાણાં મેળવી શકે એમ ન હતું. પરિણામે દર વર્ષે પ્રાન્તિક સરકારને વધારાની ચોકકસ રકમ આપવાની વડી સરકારને જરૂર પડતી.

વાચકોના જાણવામાં હશે કે ખાતાંનો આ વિભાગ પહેલાં કરતાં હાલ વધારે અંશે કરવામાં આવેલો હોવા છતાં પ્રાન્તિક આવક અને ખર્ચના આંકડા વડી સરકારના હીસાબ તેમજ અંદાજપત્રમાં દર્શાવવામાં આવે છે. સન ૧૮૭૯ પહેલાં થોડાં ખર્ચનાં જ ખાતાં પ્રાન્તિક સરકારને હસ્તક હતાં એટલે ત્હેની બહુ વિગતો આપવામાં આવતી ન હતી; પણ હવે પછી

પ્રાન્તિક આવક અને ખર્ચ વધારે ને વધારે વિગતમાં વડી સરકારના હીસાબમાં આપવામાં આવતાં.

આપણે આગળ વધીએ તે પહેલાં એક બાબત સ્પષ્ટ કરવાની અમને જરૂર લાગે છે. લૉર્ડ મેયોએ પ્રાન્તિક સરકારને પોતાનો ખર્ચ અમુક ચોક્કસ રકમમાંથી મેળવવાને જવાબદાર કર્યા ત્યારથી વર્ષને અંતે દરેક પ્રાંતે બચાવેલા પૈસા ત્હેની શીલીક તરીકે વડી સરકારના હીસાબમાં જમે થતા. વર્ષો જતાં આ શીલીક અનેક કારણોથી વધે અને કોઈ પ્રસંગે વર્ષની આવક ઉપરાંત એ બચાવેલાં નાણાંમાંથી ખર્ચ કરવાની જરૂર પડે. પરન્તુ આ ઉપર વડી સરકારના બે અંકુશો હોયછે—જે હાલ પણ કાયમજ છે. પ્રથમ તો—સલામતીના સામાન્ય સિદ્ધાન્ત પ્રમાણે—અમુક ઓછામાંઓછી શીલીક અને તે ઉપરાંત અણચીંત્યા ખર્ચ માટે વધારાનાં અમુક નાણાં પ્રાન્તને ખાતે હમેશાં રહેવાંજ જોઇએ. બીજું અને વધારે આશ્ચર્ય ઉપજાવે એવું બંધન એ છે કે પ્રાન્તિક સરકાર પોતાની શીલીકનાં વધારાનાં નાણાંમાંથી વડી સત્તાની રજા શિવાય કંઈ પણ ખર્ચ કરી શકે નહિં. આનું કારણ પણ સમજવું બહુ મુશ્કેલ નથી. હિન્દુસ્થાનની બધી સરકારી ત્રીજોરીમાં રહેલી દરેક પાઈ ઉપર વડી સરકારના નાણાંખાતાંનીજ સત્તા છે અને પ્રાન્તિક સરકારની આવક અને ખર્ચની રકમો—અંદાજપત્રમાં નિયત થાય તે પ્રમાણે—તે સરકારના ખાતામાં ફક્ત જમે ઉધાર થાય છે. આથી શીલીકનાં નાણાં વડી સરકાર પાસે રહે છે અને તે ઘણી વાર જુદાં જુદાં કામમાં કે વેપારમાં રોકવામાં પણ આવે છે. આમ હોવાથી શીલીકના પૈસા વગર રજાએ પ્રાન્તિક સરકાર વાપરી શકે તો ત્રીજોરીમાં મ્હોટી તુટ

પડે. આજ હકીકત વડી સરકાર અને હિન્દી વજીરના સંબંધને પણ લાગુ પડે છે; કારણ કે હિન્દી સરકારની શીલીકનો મ્હોટો ભાગ વિલાયતમાં હિન્દી વજીરને હસ્તક રહે છે.

લૉર્ડ રીપન–પંચવાર્ષિક કરાર.

સન ૧૮૮૨ માં લૉર્ડ રીપનની સરકારે એક મ્હોટો સુધારો કર્યો. કસ્ટમ, નીમક, અફીણ, પોસ્ટ ઑફિસ અને તાર–એ કેવળ હિન્દી ખાતાં બનાવવામાં આવ્યાં. જંગલ, આબકારી, ઈન્કમ ટેકસ, સ્ટેમ્પ, અને રજીસ્ટ્રેશન–એ ખાતાંની ઉપજ વડી અને પ્રાન્તિક સરકાર વચ્ચે સરખે ભાગે વહેંચવામાં આવી, ઉપરાંત, કેવળ પ્રાન્તિક કરની ઉપજ–જે ઘણે ભાગે લોકલ બૉર્ડને સોંપવામાં આવી હતી–તે પ્રાન્તોનીજ રહી અને ન્યાય, બાંધકામ અને કેળવણી ખાતાની ઉપજ પૂરેપૂરી પ્રાંતને સોંપવામાં આવી. રેલ્વે અને નહેર ખાતાની આવક વડી સરકારને ખાતેજ રહી. જે ખાતાની ઉપજ બે સરકારની વચ્ચે વહેંચવામાં આવી ત્હેનો ખર્ચ પણ બન્ને ઉપર તે જ હીસ્સામાં પડતો. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે કેળવણી વગેરે જે ખાતાં પંહેલાં ગણાવવામાં આવ્યાં છે ત્હેનો ખર્ચ તો પ્રાન્તિક જ રહ્યો અને આ સુધારા મુખ્યત્વે કરીને ઉપજનાં ખાતાં વિષે જ કરવામાં આવ્યા હતા.

સન ૧૮૮૨ માં નવી વ્યવસ્થા પાંચ વર્ષ માટે કરવામાં આવી હતી, અને ત્હેમાં સન ૧૮૮૭ માં, ૧૮૯૨ માં અને ૧૮૯૭ માં ફેરફાર કરવામાં આવ્યા હતા. દરમ્યાન વડી અને પ્રાન્તિક સરકાર વચ્ચે વહેંચવામાં આવેલાં ખાતામાં જમીનના મહેસુલનો ઉમેરો કરવામાં આવ્યો. આ સુધારાથી પણ પ્રાન્તની આવક ત્હેના ખર્ચ માટે અધુરીજ નીવડતી અને તેથી દરેક પ્રાન્તને પાંચ વર્ષ માટે અમુક વાર્ષિક રકમ આપવામાં આવતી.

આ વ્યવસ્થામાં ગેરલાભ પણ દેખીતા છે. પહેલાંની માફક હજી પણ પોતાના વાર્ષિક ખર્ચ માટે પ્રાંતો વડી સરકાર ઉપર પરાધીન રહ્યા અને તેથી પોતાની મહેસુલની આવકમાંથી પોતાનો ખર્ચ નીભાવવાની મ્હોટી જવાબદારી ત્હેમને શિર આવી નહિ. ઉપરાંત, પાંચ વર્ષની વ્યવસ્થાનાં પહેલાં એક બે વર્ષમાં મહેસુલ વધારવાને પ્રાન્તો પ્રયત્ન કરતા, અને ખર્ચ ઉપર કંઈક અંકુશ રાખતા; કારણ કે વડી સરકારની મહેરબાની વિષે ત્હેમને ખાત્રી રહેતી નહિં. પણ પાંચ વર્ષને અંતે શીલીક વધી જાય તો વડી સરકાર ત્હેનો મ્હોટો ભાગ હજમ કરશે એવી ધાસ્તીને લીધે કરારનાં છેલ્લાં બે ત્રણ વર્ષમાં પુષ્કળ ખર્ચ કરવામાં આવતો અને ઉડાઉપણાને ઉત્તેજન મળતું. વધારેમાં વધારે માઠાં પરિણામ નવા કરારને અંગે આવતાં; કારણ કે તે વખતે વડી સરકાર પ્રાંતોની શીલીક ઓછી કરવાને ઘણી ઇંતેજારી બતાવતી અને પરિણામે બન્ને સત્તાઓ વચ્ચે ઘણી વાર કડવો પત્રવ્યવહાર થતો. આ પરિણામો વિષે સર ફીરોઝશાહ મહેતાએ વડી ધારાસભાનાં ભાષણોમાં અને શ્રી. ગોખલેએ વેલ્બી કમીશન આગળ પોતાની જુબાનીમાં તેમજ સને ૧૯૦૨ પછીના ભાષણમાં ઘણું અસરકારક વિવેચન કર્યું છે.

કાયમના કરાર.

સન ૧૯૦૪ માં લોર્ડ કર્ઝને પ્રાંતો સાથે કરાર લગભગ કાયમના કર્યા. અર્થાત્ પ્રાંતોને સોંપવામાં આવેલા મહેસુલમાં, લડાઈ કે એવી કોઇ ગંભીર આફત આવે કે પ્રાંતને માટે ચોક્કસ કરવામાં આવેલી વાર્ષિક ગ્રાન્ટ બહુ વધારે પડતી લાગે તે શિવાય વડી સરકાર ફેરફાર કરી શકે નહિ. આ પ્રયોગનાં પરિણામનો વિચાર કરવાને માટે એક કમિટીની નીમણુક કર-

વામાં આવનાર હતી. તે અરસામાં બ્રિટિશ શહેનશાહતે પ્રાન્તિક અને વડી સરકાર વચ્ચેના સંબંધની તપાસ કરવાને માટે એક (ડીસેન્ટ્રૅલીઝેશન) કમીશનની યોજના કરી. ત્હેના પ્રમુખ મી. હોબહાઉસ હતા અને આપણા પરમ દેશભક્ત મી. રમેશચંદ્ર દત્ત એ કમીશનના એક સભાસદ હતા. તે કમીશને હિન્દનાં મુખ્ય શહેરોમાં ફરી સરકારી અમલદારો અને અનુભવી દેશભકતોની જુબાની લીધી અને ત્હેમણે ઉદાર ભાવથી ભરપૂર અને રાજકીય દીર્ઘદૃષ્ટિથી અંકાએલો જે રીપોર્ટ બ્હાર પાડયો છે તે આપણા રાજકીય ઇતિહાસમાં ઘણું ઉંચું સ્થાન મેળવશે. દુર્ભાગ્યે તે રીપોર્ટમાં સમાયેલી કીમતી સૂચનાઓ ઉપર હિન્દી સરકારે ઘણું જુજ ધ્યાન આપ્યું છે અને તેથી આપણા દેશીજનોના ઉત્સાહને સુધારાનો એક માર્ગ દર્શાવવા ઉપરાંત ત્હેનો કંઈ ઉપયોગ થયો નથી.

સન ૧૯૧૧ માં પ્રાન્તિક સરકાર સાથે વડી સત્તાએ કાયમના કરાર કર્યા—જે સુધારા માટે આપણે લૉર્ડ હાર્ડિંજની અદ્વિતીય રાજનીતિને આભારી છીએ. પ્રાન્તો સાથે કાયમની વ્યવસ્થા કરવામાં આવી અને દરેક પ્રાંતને દર વર્ષે આપવાની ચોક્કસ રકમ ઠરાવવામાં આવી. પ્રાન્તિક સરકારને આવક કરતાં વધારે ખર્ચ અંદાજપત્રમાં આંકવાની રજા ભાગ્યેજ આપવામાં આવે છે, અને જો નાણાંની તુટ પડે તો પોતાની શીલીકમાંથી અથવા હિન્દી સરકારની લોનમાંથી અથવા—છેવટે—વધારાના કરમાંથી તે પુરાય છે.

આ ઉપરથી સમજાશે કે હાલ વડી સરકાર, અફીણ, નીમક, કસ્ટમ, રેલ્વે, તાર, પોસ્ટ, દેશી રાજ્યોની ખંડણી—એ બધાની બધી ઉપજ પોતેજ લે છે. બીજી પાસ રજીસ્ટ્રેશન,

ન્યાયખાતું, પોલીસ, કેળવણી–એ ખાતાંની બધી આવક પ્રાન્તિક સરકાર મેળવે છે. બાકીનાં ઘણાં ખરાં ખાતાં–દાખલા તરીકે જમીનનું મહેસુલ, આબકારી, સ્ટેમ્પ અને ઇન્કમ ટેકસ–ત્હેની ઉપજ જુદા જુદા હીસ્સામાં બન્ને સરકાર વચ્ચે વહેંચાય છે. ખર્ચની વ્યવસ્થા સાધારણ રીતે આવક પ્રમાણેજ થાય છે–જેની આવક વડી સરકારનેજ મળે ત્હેનો ખર્ચ પણ ત્હેનેજ શિર પડે છે અને જેનો લાભ પ્રાન્તને મળે ત્હેનો ખર્ચ પણ તે ઉપાડે છે. જે ખાતાંની ઉપજ બંને વચ્ચે વહેંચવામાં આવે છે ત્હેનો ખર્ચ પણ લગભગ તે જ હિસ્સામાં બન્ને વચ્ચે વહેંચાય છે.

પ્રાન્તિક સરકાર ઉપર અંકુશો.

નાણાં વિષે પ્રાન્તિક સરકારની વડી સત્તા ઉપર પરાધીનતા આપણે જોઈ. પરન્તુ આ ઉપરાંત બીજા અંકુશો પ્રાન્તિક કારભાર ઉપર છે કે જે આપણે લક્ષમાં લેવાની જરૂર છે. નવા કર નાંખવાની કે પોતાની જવાબદારી ઉપર લોન લેવાની પ્રાંતોને સત્તા નથી. અંદાજપત્ર ઘડવામાં અને નવી જગ્યાઓ ઉઘાડવામાં, પોતાની શીલીકમાંથી નાણાં વાપરવામાં અને વધારે ખર્ચ કરવામાં જુદા જુદા ખાતાંઓ સાથે સંબંધમાં અને એકંદરે સમગ્ર રાજકારભારની અનેક ન્હાની મ્હોટી વિગતોમાં હાલ વડી સરકાર પોતાની સત્તા અજમાવે છે. કેટલીક બાબતોમાં હિન્દી વજીરની રજાની જરૂર છે એટલે હિન્દી સરકારને તે સવાલો પોતાના અભિપ્રાય સાથે વિલાયત મોકલવાની જરૂર પડે છે. અહીંઆ આ સર્વમાં વિગતવાર ઉતરવાનું બની શકે એમ નથી. માટે આપણે ફકત બેજ મુદ્દાનો વિચાર કરીશું. (૧) પ્રાંતોની અંદાજપત્ર ઘડવાની સત્તા અને (૨) નવી જગ્યાઓ સ્થાપવાનો અધિકાર.

હાલની પદ્ધતિ અનુસાર પ્રાન્તો આવતા વર્ષની આવક અને ખર્ચના આંકડા ઘડે છે—પ્રાન્તની સંપૂર્ણ સત્તાવાળાં તેમજ વહેંચાયેલાં ખાતાં વિષે આ ખરડો વડી સરકારને મોકલવામાં આવે છે, જ્યાં ત્હેમા દરેકે દરેક આંકડા વિષે ઘણી ઝીણી તપાસ કરવામાં આવે છે. આવકની રકમની ચોકસાઈ અને ખર્ચની વધઘટ ઉપર સ્વાભાવિક રીતે લક્ષ આપવામાં આવે છે. પ્રાંતની શીલ્લીકમાં જોઇતી રકમ વર્ષને અંતે રાખવામાં આવી છે કે નહિં એ પણ જોવામાં આવે છે. નવું વર્ષ માર્ચની ૩૧ મી તારીખે શરૂ થાય છે તેથી જાન્યુઆરીથી માર્ચ સુધીમાં ત્રણ વખત અંદાજપત્રના ખરડા વડી સરકારને સુધારીને મોકલવામાં આવે છે—જેમાંનો છેલ્લો ફેબ્રુઆરીની આખર કે માર્ચની શરૂઆત સુધીમાં હિન્દી સરકારને પહોંચે છે. સઉ કોઇ જાણે છે કે પ્રાન્તોના છેવટના આંકડા વડી સરકારના અંદાજપત્રમાં રજુ કરવામાં આવે છે અને આથી પ્રાંતો માટે ઘણી જવાબદારી વડી સરકારના શિર ઉપર રહે છે. પરિણામે પ્રાંતોના અંદાજપત્ર ઉપર ત્હેના મ્હોટા ભાગ ઉપર તેમજ ન્હાની વિગતો ઉપર હિન્દી સરકાર તીણી કાતર ફેરવે છે. અંદાજપત્રના ઉપર જ સમગ્ર પ્રાન્તિક કારભારનો અને પ્રજાને વધારેમાં વધારે જરૂર ખર્ચનો આધાર છે અને ત્હેના ઉપર અતિશય ઝીણો અંકુશ હોવાથી પ્રાન્તિક સ્વતંત્રતા શૂન્યવત બને છે.

(૨) નવી જગ્યાઓ સ્થાપવા ઉપર અને નવી ઑફિસ ઉઘાડી વાર્ષિક ખર્ચમાં હંમેશનો વધારો કરવા ઉપર હિન્દી સરકાર અને હિન્દી વજીર મ્હોટો અધિકાર અજમાવે છે;

(અ) પ્રાન્તિક સરકાર વડી સરકારની રજા શિવાય માસિક રૂ. ૨૫૦ ના પગારની નવી જગ્યા ઉઘાડી શકે નહિં

અથવા ઓછા પગારની ચાલુ જગ્યાનો પગાર રૂ. ૨૫૦ થી વધારે કરી શકે નહિં. હિન્દી વજીરની સંમતિ શિવાય વડી સરકાર રૂ. ૫૦૦) થી વધારે પગારની નવી જગ્યા સ્થાપી શકે નહિં અને ચાલુ જગ્યાનો પગાર રૂ. ૭૫૦ થી વધારે કરી શકે નહિં. આથી જોઈ શકાશે કે ઘણા ઉંચા પગારની જગ્યાઓ વિષે પ્રાન્તોને હિન્દી સરકારની જ નહિ પણ હિન્દી વજીરની સંમતિ મેળવવી પડે.

(આ) કોઈ ઑફિસની નવી વ્યવસ્થા રૂ. ૨૫,૦૦૦ થી વધારે રકમના કાયમના વાર્ષિક ખર્ચ પ્રાન્તિક સરકાર કરી શકે નહિં. હિન્દી સરકાર એ જ બાબતમાં હિન્દી વજીરની સંમતિ શિવાય રૂ. ૫૦,૦૦૦ થી વધારે રકમનો કાયમનો વાર્ષિક ખર્ચ કરી શકે નહિં. ઑફીસમાં કોઈ પણ એક જગ્યા માટે સંમતિની જરૂર ન હોય તો પણ આ નિયમ લાગુ પડે છે.

આ બધાનો તરસાળો કાઢતાં પ્રાંતોની સત્તા કેટલી લાગે છે ? મુંબાઈ અને મદ્રાસના પ્રાંતો કંપનીના રાજ્યની શરૂઆતમાં સ્થપાયા પણ એકંદર એમ કહી શકાય કે સમગ્ર હિન્દી રાજ્યમાંથી ધીમે ધીમે એક પછી એક બધા પ્રાંતો ઉદ્‌ભવ્યા છે. આથી સામાન્ય રીતે સર્વ અધિકાર હિન્દી સત્તાને જ હસ્તક છે અને જેટલી જુજ સત્તાઓ પ્રાન્તોને જુદે જુદે વખતે આપવામાં આવી છે તે જ તે ભોગવે છે. હિન્દની બધી તીજોરીનાં સર્વ નાણાં ઉપર વડી સરકારની જ સંપૂર્ણ સત્તા છે, અને જે પૈસા પ્રાંતો પોતાના ગણી વાપરે છે તે ફક્ત ત્હેમના જુદા હીસાબમાં લખાય છે. તેઓ જે શીલીક ભેગી કરે છે ત્હેમાંથી એક પૈસો તેઓ સર્વોપરિ સત્તાની રજા શિવાય વાપરી શકે નહિં.

અને આવા સંયોગોમાં ત્હેમને કેટલાં થોડાં નાણાં આપવામાં આવે છે અને તે નાણાંના ખર્ચ ઉપર કેટલો બારીક અંકુશ મૂકવામાં આવે છે? હિન્દની કુલ આવક સાથે બધાં પ્રાંતોના મહેસુલની સરખામણી કરતાં જણાશે કે ત્હેમને ત્હેના ત્રીજા ભાગ કરતાં સ્હેજ વધારે રકમ મળે છે; જ્યારે મર્હુમ ગોખલેએ લોકલ બૉર્ડ વિષે પોતાના ઠરાવ વિષે બોલતાં વડી ધારાસભામાં જણાવ્યું હતું કે ઇંગ્લંડ અને ફ્રાંસમાં બધા કરની ઉપજનો લગભગ અડધો ભાગ મ્યુનિસિપાલીટી અને લોકલ બૉર્ડને મળે છે. અર્થાત્ દેશની ઉન્નતિ સાથે ઘણો નિકટ ધરાવતાં પ્રાન્તિક ખાતાંઓ ન્યાય અને પોલીસ, કેળવણી અને તંદુરસ્તી એ બધાં માટે કુલ મહેસુલનો થોડો ભાગ આપવામાં આવે છે ત્યારે હોમ ચાર્જ ઇંગ્લંડમાં હિન્દી રાજતંત્રના ખર્ચ ખાતે મોકલવામાં આવતા લગભગ ત્રીશ કરોડ રૂપીઆ અને લશ્કરી ખર્ચ ઉપર વડી સરકાર બેહદ ખર્ચ કરેછે. વધારામાં આપણે જોયું કે જે ન્હાની રકમ મહેસુલના અથવા ગ્રાન્ટના આકારમાં પ્રાંતને સોંપવામાં આવે છે ત્હેની વ્યવસ્થા કરવામાં પણ પ્રાન્તિક સરકાર સ્વતંત્ર નથી. ઉપર જણાવ્યા પ્રમાણે જરા મ્હોટી જગ્યાઓ સ્થાપતાં અથવા વાર્ષિક ખર્ચમાં જરા ઉમેરો કરતાં વડી સરકારની અને કવચિત્ હિન્દી વજીરની પરવાનગી ત્હેમને લેવાની જરૂર પડે છે. અને આ ઉપરાંત પ્રાન્તિક સરકારના અંદાજપત્ર –જેના આંકડાઓ ઉપર પ્રાન્તોના ભાગ્યનો આધાર સ્વાભાવિક રીતે રહે છે—ત્હેની આવકની આંકણી ઉપર અને ખર્ચની વિગતો ઉપર વડી સરકાર એટલો બધો દાબ રાખે છે કે જેથી પ્રાંતો હિન્દી સરકારના મ્હોટા જવાબદાર નોકરની પદવી ભોગવે છે.

પ્રાન્તિક આવકનો વધારો.

સર્વ રાજ્યનો આધાર નાણુાંની ઉપજ ઉપર છે અને જ્યાં સુધી પ્રાન્તોની આવકમાં મ્હોટો વધારો થશે નહિં ત્યાં સુધી પ્રાન્તિક સ્વરાજ્યનો સિદ્ધાન્ત કદાપિ સિદ્ધ થશે નહિં. ઘણા અમલદારોનો તેમજ રાજ્યપુરૂષોનો એવો મક્કમ અભિપ્રાય થયો છે કે પ્રાન્તિક રાજતંત્રના વિકાસ માટે નાણાંની જરૂર પહેલી છે. લૉર્ડ હાર્ડિંજે આ મુદ્દો કેટલેક અંશે સ્વીકારીને પ્રાન્તોને દર વર્ષે અમુક અમુક ખાતાંને માટે તેમજ સામાન્ય ખર્ચ માટે અમુક રકમો આપવાનું નક્કી કર્યું છે. આ સુધારા માટે આપણે ત્હેમનો ઉપકાર માનીશું. પણ હજી કોને પ્રાંતોની આવક ત્હેના અતિ આવશ્યક ખર્ચ માટે અને ખાસ કરીને કેળવણી અને તંદુરસ્તી ખાતાને માટે પુરતી લાગે છે? લૉર્ડ હાર્ડિંજે "પાશેરામાં પહેલી પૂણી" કરી હશે; પણ જો તે સિદ્ધાન્તનો હવે વધારે ને વધારે વિશાલ પ્રયોગ કરવામાં આવે ત્યારેજ ત્હેમની રાજનીતિ સફલ થશે. દેશની કુલ ઉપજનો અડધાથી પોણો ભાગ સર્વ પ્રાંતોને મળવો જ જોઇએ એવો અમારો અભિપ્રાય છે.

પ્રાન્તોની આવક કેવી રીતે વધારવી એ બીજો પ્રશ્ન છે અને તે વિષે ઘણી સૂચનાઓ કરવામાં આવી છે. એક માર્ગ એ છે કે જે ખાતાંની ઉપજ હાલ વડી અને પ્રાન્તિક સરકાર વચ્ચે વહેંચવામાં આવે છે ત્હેમાંના કેટલાંક કેવલ હિન્દી ખાતાં બનાવવાં અને બાકીનાં પૂરેપૂરાં પ્રાન્તિક ગણવાં. બીજો દેખીતો માર્ગ—જે લૉર્ડ હાર્ડિંજની સરકારે ગ્રહણ કર્યો હતો–તે દર વર્ષે અમુક ચોક્કસ રકમ પ્રાન્તોને આપવાની છે. તે રકમનો અમુક ભાગ કેળવણી વગેરે અમુક ખાતાને માટે મુકરર કરવામાં આવે

ત્યારે ત્હેના લાભ દેખીતા છે અને જેમણે છેલ્લાં થોડા વર્ષમાં થયેલા કેળવણીના વિકાસની નોંધ લીધી હશે તેઓએ આ રાજનીતિનાં શુભ પરિણામ જોયાં હશે. છતાં પણ એમ ખાત્રીપૂર્વક કહી શકાય કે પ્રાન્તિક આવકમાં જે મ્હોટો વધારો આપણે માગીએ છીએ તે આ રીતે થઈ શકેજ નહિં—તેથી તો ફક્ત સ્હેજ જ સુધારો થઈ શકે. આથી ડીસેન્ટ્રેલીઝેશન કમીશને પણ એવી સૂચના કરેલી છે કે જ્યારે બની શકે ત્યારે વાર્ષિક મ્હોટી ગ્રાન્ટને બદલે વધતા જતા કોઈ મહેસુલનો અમુક હીસ્સો પ્રાન્તને આપવો. અમે આગળ વધીને કહીશું કે, વહેંચવામાં આવેલાં ખાતાંમાંના કેટલાંકને પુરેપુરા પ્રાન્તિક બનાવવાનો જે માર્ગ આગળ સૂચવવામાં આવ્યો છે તે બનતી ત્વરાએ ગ્રહણ કરવોજ જોઇએ. હાલના વિગ્રહના સમયમાં અને તે પછી પણ તરતજ આ પદ્ધતિ કદાચિતજ ન અનુસરી શકાય. પણ વડી સરકાર પ્રાન્તિક સત્તાઓની સલાહથી આ દિશામાં એક મ્હોટી યોજના તૈયાર કરે તો દશ પંદર વર્ષમાં તે સહેલાઈથી આચારમાં મૂકી શકાય. અલબત આથી વડી સરકારનો પોતાનો કેટલોક ખર્ચ કમી કરવો પડે–રેલ્વે તરફ પક્ષપાત અને હોમચાર્જમાં ઉડાઉપણું ઓછું કરવું પડે તેમ લશ્કરી ખર્ચ ઉપર વધારે દાબ રાખવો પડે. પરન્તુ જો દેશની ખરી ઉન્નતિનો આધાર પ્રાન્તિક ખર્ચ ઉપરજ છે તો કોઈ પણ રીતે પ્રાન્તની તીજોરીને વધારે નાણાંથી ભરવીજ જોઇએ.

સત્તાઓમાં વૃદ્ધિ.

ઉપરાંત અમે સૂચવીશું કે વડી સરકારની સંમતિથી નવા કર નાંખવાની અને લોનથી પૈસા મેળવવાની સત્તા પ્રાન્તિક સરકારને આપવી જોઈએ. ઉપર સૂચવેલા સુધારા ક્યારે અમ-

લમાં આવશે તે કહી શકાતું નથી. પણ તે દરમિયાન પ્રગતિના નિયમ અનુસાર દરેક પ્રાન્તે આગળ વધવુંજ જોઇએ અને ત્હેણે પોતાના જરૂરી ખર્ચ માટે કરથી અને લોનથી નાણાં મેળવવાંજ જોઇએ. ઘણી મ્યુનિસિપાલીટીને જે સત્તાઓ વર્ષોથી જરા પણ સંકોચ શિવાય આપવામાં આવી છે તે પ્રાન્તોને હાલ સુધી કેમ આપવામાં આવી નથી તે અમે સમજી શકતા નથી.

આમ એક પાસ પ્રાન્તની આવક વધારવી જોઇએ તો બીજી પાસ ત્હેને નવો ખર્ચ કરવાની વધારે છુટ મળવી જોઇએ. નવી જગ્યાઓ ઉઘાડવા વિષે અને વાર્ષિક વધુ ખર્ચ કરવા વિષે જે બંધનો હાલ હયાત ઓછાં છે તે તરત જરૂર થોડાં વર્ષમાં કાઢી નાંખવાં જોઇએ. ડીસેન્ટ્રૅલીઝેશન કમીશને પણ એમ સૂચના કરી હતી કે હાલ હિન્દી સરકાર આ વિષે જેટલી સત્તા ભોગવે છે તેટલી પ્રાન્તોને આપવી જોઇએ અને વડી સરકારની સત્તા ઘણીજ વધારવી જોઇએ—જેથી વારંવાર બન્ને સત્તા વિષે થતો વિષમ પત્રવ્યવહાર અટકે. આ સૂચના—કે જે તરફ આટલાં વર્ષ સુધી સંપૂર્ણ ઉપેક્ષા દર્શાવવામાં આવી છે—તે તો એકદમ અમલમાં મૂકાવી જોઇએ. અમે જાણીએ છીએ કે પ્રાન્તોને એટલા બધા વખત સુધી બાળકો ગણવામાં આવ્યા છે કે જેથી તે તરફ વડી સરકાર તરફથી અતિશય અવિશ્વાસ દર્શાવવામાં આવે છે. પણ જેમ સમગ્ર પ્રજાને અને સ્થાનિક મંડલોને તેમ પ્રાંતક સરકારને પણ વડી સત્તાએ વધારે માન આપવું જોઇએ, જેથી તે પણ વધારે જવાબદાર બની પોતાના મહાન્ ધર્મ યોગ્ય રીતે બજાવે.

અંદાજપત્રમાં સ્વતંત્રતા.

આથી પણ સ્વતંત્રતા એક બીજી બાબતમાં આવશ્યક છે—અને તે અંદાજપત્રને ઘડવામાં આપણે જોયું કે અમુક પગા-

રની નવી જગ્યાઓ ઉઘાડવાને અથવા ઑફિસના ખર્ચમાં અમુક રકમનો વધારો કરવાને હાલ વડી સરકારની પરવાનગી જોઇએ છે અને અમુક સુધારા સાથે કંઇ મર્યાદા થોડાં વર્ષ સુધી રહેવી જોઇએ. આમ છતાં પણ પ્રાન્તિક સરકાર પોતાના અંદાજપત્રનો ખરડો તૈયાર કરે છે ત્યારે ત્હેમાં વડી સરકાર તરફથી અતિશય મ્હોટા તેમજ ઘણાજ ન્હાના સુધારા કરવામાં આવે છે. આ બાબત પણ ડીસેન્ટ્રૅલીઝેશન કમીશનની ધ્યાન ઉપર લાવવામાં આવી હુતી પણ અમે જણાવવાને દીલગીર છીએ કે કમીશને આ વિષે કંઇ પણ મહુત્વની સૂચના કરી નથી. કોઈ પણ દેશના રાજતંત્રમાં અંદાજપત્ર એ કદાચિત વધારેમાં વધારે ભાગ ભજવે છે અને સ્થાનિક મંડલોની માફક પ્રાન્તિક રાજ્યની ખરી સત્તાનું માપ ત્હેની અંદાજપત્ર ઘડવાની સત્તા ઉપરથીજ લઈ શકાય. આ સિદ્ધાન્ત સ્વીકારીને બંગાલની સરકારે થોડા માસ ઉપર અમુક આવશ્યક મર્યાદાઓ સાથે અંદાજપત્ર ઘડવાની સત્તા મ્યુનિસિપાલીટીને આપી છે તેવી જ રીતે પ્રાન્તિક સરકારની પણ સત્તા વધારવી જોઇએ એ ચોક્કસ છે. હાલ જો કેટલાંક બિનજરૂરી ખર્ચ વડી સરકાર ઉડાવી શકે છે તો બીજી પાસ ઘણી આવશ્યક બાબતોની ખરી જરૂરિયાત તે નહિ સમજી શકે એ પણ દેખીતું છે. ભવિષ્યની આવકની આંકણીમાં વડી સરકાર ફેરફાર કરે એ વ્યાજબી છે—જો કે આમાં પણ વધારે ને વધારે વિશ્વાસ પ્રાંતો ઉપર મૂકાવો જોઇએ પણ ખર્ચના સંબંધમાં તો અમારી સૂચના છે કે વડી સરકારે ફક્ત એટલુંજ તપાસી લેવું કે (૧) મુકરર કરવામાં આવેલી શીલીક રાખવામાં આવી છે અને (૨) કાયદાઓ તે અનુસાર રચવામાં આવેલા કાનુનો અનુસાર આપ્યા છે. બાકીની ન્હાની વિગતોમાં

કે મ્હોટા ખર્ચમાં વડી સરકારે ઉતરવું જોઇએ નહિં. આ સુધારા વિષે સરકાર યુદ્ધ પછી એક ઉદાર યોજના ઘડીને થોડા વખતમાં અમલમાં મૂકી શકે.

પ્રાન્તિક રાજ્યતંત્રમાં પ્રજાકીય સત્તા.

પ્રાન્તિક સરકારને વધારે નાણાં આપવાની અને ત્હેની વ્યવસ્થામાં વધારે સત્તા આપવાની સૂચનાઓ અમે કરી છે. પણ અમે જોઇએ છીએ કે કોઈ પણ કારોબારી સત્તા ઉપર–પછી તે પ્રાન્તિક હોય કે હિન્દી–ત્હેના ઉપર કોઈ પ્રકારના અંકુશની જરૂર છે. હાલ પ્રાન્તો ઉપર વડી સરકારને જે દાબ છે તે હલકો થયેલો જોવા અમે ઇચ્છીએ છીએ; પણ ત્હેમાં પ્રાન્તિક સરકારને બિનજવાબદાર બનાવવાનો નહિં પણ છેવટે પ્રજાકીય સત્તાને આધીન બનાવવાનો હેતુ રહેલો છે. ઘણા રાજપુરૂષોએ વારંવાર કહ્યું છે–અને અમે ત્હેમની સાથે સંમત છીએ–કે નાણાં સંબંધી વડી સરકારનો અંકુશ ઢીલો કરવામાં આવશે અને તે જ વખતે ધારાસભાને વધારે પ્રજાકીય અને વધારે સત્તાવાન બનાવવામાં આવશે નહિં તો સમગ્ર રાજતંત્રને ઘણું નુકશાન થશે; પ્રાન્તિક અમલદારો અવિચારી ખર્ચ કરશે અને સુધારાનાં ઇષ્ટ સાધનો આપણને પુરાં પડશે નહિં. આથી જો કે ઉપરની સૂચનાઓ કેટલેક અંશે તરતજ અનુસરવામાં કંઇ નુકશાન નથી તો પણ ત્હેનો સંપૂર્ણ પ્રયોગ ત્યારેજ થવો જોઈએ કે જ્યારે પ્રાન્તિક સત્તા ઉપર પ્રજાકીય અંકુશ અસરકારક થાય ત્યારે. દેખીતી રીતે આ હેતુ ધારાસભામાં મ્હોટા સુધારા કરવાથીજ સિદ્ધ થાય. પ્રથમ તો ધારાસભામાં હાલના બિન-અમલદારી સભાસદો—જેમાંના ઘણા સરકાર તરફથી નીમવામાં આવે છે, ત્હેમને બદલે પ્રજાથી ચુંટાએલા સભાસદોનીજ વધુ

સંખ્યા જોઇએ. તેમ જ ચુંટણીની હાલની પદ્ધતિમાં ઘણો ફેરફાર થવાની જરૂર છે. બીજો અને આથી પણ વધારે અગત્યનો સુધારો એ છે કે ધારાસભાને નાણાંની બાબતમાં વધારે સત્તા આપવી જોઇએ. ધારાસભા ઇંગ્લંડની પાર્લામેન્ટની ગરજ ત્યારેજ સારી શકે કે જ્યારે ત્હેમાં પસાર થયેલા ઠરાવો સરકારને બંધનકારક નીવડે અને ત્હેને આવા અંદાજ-પત્ર ઉપર તેમજ ત્હેના દરેક ભાગ ઉપર મત આપી તે પાસ કે નપાસ કરવાનો હક આપવામાં આવે. છેલ્લા લગભગ એક વર્ષની ચર્ચાઓમાં ધારાસભાના આ મ્હોટા હકનો વિષય ઘણો આગળ આવ્યો છે અને અમારી ખાત્રી છે કે જ્યાં સુધી પ્રાન્તિક ધારાસભાને અંદાજપત્ર ઉપર મત આપવાની સત્તા મળશે નહિં ત્યાં સુધી પ્રજાનું અંતઃકરણ સંતોષ પામશે નહિં.

પ્રાંતમંડળની ભાવના.

પ્રાન્તિક સ્વરાજ્યની સિદ્ધિ અર્થે અમો નીચેની સૂચનાઓ કરી છેઃ—

(.૧) પ્રાન્તોની આવકમાં મ્હોટો વધારો કરવો અને તે માટે વહેંચાયેલા ખાતામાંથી વધારે ને વધારે કેવળ પ્રાન્તિક બનાવવા.

(૨) નવી જગાઓ સ્થાપવા વિષે અને વધારાનો વાર્ષિક ખરચ કરવા વિષે વધારે સત્તા પ્રાન્તોને આપવી.

(૩) અમુક જરૂરી મર્યાદાઓમાં અંદાજપત્ર સ્વતંત્ર રીતે ઘડવાની સત્તા પ્રાન્તિક રાજ્યને આપવી.

(૪) પ્રાન્તિક ધારાસભાઓને વધારે પ્રજાકીય બનાવવી અને ત્હેને નાણાં સંબંધી અસરકારક અધિકાર આપવો.

આ સુધારાની સત્વર યોજનાઓ ઘડી લડાઈ પછી ત્હેને ઉદારપણે અમલમાં મૂકવામાં આવશે તો અમે ધારીએ છીએ કે લગભગ અર્ધા સૈકાથી પ્રાન્તિક સ્વરાજ્યની જે ભાવના ઉદારચિત્ત અમલદારોએ અને નિપુણ દેશભકતોએ પોતાની દૃષ્ટિ સમીપ રાખી છે તે સિદ્ધ થશે. આ પ્રશ્નની ગંભીરતા કે મુશ્કેલીની અમે અવગણના કરવા માગતા નથી. વડી અને પ્રાન્તિક સરકાર તેમજ પ્રાંત અને પ્રાંતના ખાતાંઓ વચ્ચે સંબંધના નિયમો એટલા વિવિધ અને ગુંચવાડા ભરેલા છે કે જેથી ત્હેમાં મ્હોટો સુધારો કરતાં ઘણોજ વિચાર કરવો પડે. પણ તે જ કારણોથી અમે એમ માનીએ છીએ કે એક કે બે બાબતોમાં નહિં પણ સમગ્ર રાજતંત્રમાં મૂળથી સુધારો કરવાથી જ આ પ્રશ્નનું નિરાકરણ થશે.

પ્રાન્તોને વધારે ને વધારે ખાતાનું મહેસુલ મળવાથી તે વાર્ષિક ગ્રાન્ટ માટે વડી સરકાર ઉપર ઓછાં પરાધીન થશે. અને નવો ખર્ચ કરવાની તેમજ અંદાજપત્ર ઘડવાની વધારે સ્વતંત્રતા મેળવી દરેક પ્રાન્ત વધારે આત્મવિશ્વાસથી અને વધારે જવાબદારીથી પોતાનું રાજતંત્ર ચલાવશે. વડી રાજસત્તા જેટલોજ ઝીણો પણ તેથી અતિશય હિતકારક અંકુશ પ્રજાકીય ધારાસભા પ્રાન્તિક રાજતંત્ર ઉપર ભોગવશે ત્યારે રાજ્ય અને પ્રજા વચ્ચે વધારે ઐકય અને વિશ્વાસભાવ પ્રવર્તશે. ઉપરાંત પ્રાન્તિક સત્તા અનેક રીતે પ્રજાના અતિશય નિકટ સંબંધમાં રહે છે અને પ્રજાને વધારે દેખીતા લાભનાં પગલાં ભરી શકે છે. આથી લોકોમાં એવી ચોક્કસ માન્યતા સ્ફુરી છે કે પ્રાન્તિક સ્વરાજ્ય મળતાં પ્રજાકીય હિતનાં સાધનોમાં સારી નિશાળોની સંખ્યામાં અને સુખાકારીનાં સાધનોમાં આશ્ચર્યકારક વધારો થશે. પ્રાન્તોના ખર્ચમાં વધારો થતાં વધારે ને વધારે ખાતાનું મહેસુલ તે

માગશે; અને એક દિવસ એવો પણ આવશે કે જ્યારે પ્રાન્તોને સંપૂર્ણ રીતે સશકત અને વિશ્વાસપાત્ર ગણી ત્હેમનેજ હાલ વહેંચાયેલાં બધાં ખાતાની ઉપજ સોંપવામાં આવશે અને પ્રાંતો સમસ્ત રાજ્યના ખર્ચ ખાતે પોતાનો ફાળો આપશે. આ ભાવના અમેરિકા, સ્વીટ્ઝર્લૅન્ડ વગેરે દેશમાં પ્રચલિત થયેલી પ્રાંતમંડળની-“ ફીડરલ ”—ભાવના છે જ્યારે હાલ આપણા દેશમાં સામ્રાજ્યની—“ ઇમ્પીરિયલ ”-ભાવના પ્રવર્તે છે. હિન્દના લોકોનું ચિત્ત પહેલી—વધારે સ્વતંત્ર અને વધારે ઉદાર—ભાવના ઉપર દૃઢ થયું છે અને ત્હેમની શ્રદ્ધા છે કે અણદીઠા ભવિષ્યમાં નહિં પણ થોડા વર્ષના અરસામાં તે હિન્દના રાજતંત્રમાં મૂર્તિમંત થશે.

જે જીવન પ્રાંતોમાં વિકસે છે તે જ સમગ્ર દેશમાં દૃષ્ટિગોચર થાય છે. માટે દેશની ઉન્નતિ અર્થે દરેક વ્યકિતને અને દરેક જીલ્લાને તેમ દરેક પ્રાંતને સ્વતંત્ર વિકાસની અનુકૂળતાઓ આપવી જોઇએ જેથી તે પોતાની નૂતન કલાઓને પૂર બ્હારમાં વિકસાવે અને હિન્દ સમસ્તની સંસ્કૃતિમાં પોતાનો અંશ આપે. હાલ પ્રાંત સર્વોપરિ રાજતંત્રના બંધનમાં રહેવાથી હિન્દી રાજતંત્ર પણ જાગૃત અને જીવન્ત નથી પણ પ્રાન્તિક રાજ્યતંત્રની ખીલવણી થતાં સર્વોપરિ રાજસત્તા પણ નવીન તેજથી રાજશે. વ્યાવહારિક મુંબાઇ અને વિચારશીલ મદ્રાસ, ચમત્કારિક બંગાળ અને પ્રભાવશાળી પંજાબ, અર્ધ જાગૃત થતું સંયુક્ત પ્રાંત અને સ્વાભિમાની મધ્યપ્રાંત—એ સર્વ પ્રાંતો યોગ્ય સ્વતંત્રતા પામી પોતાની અનન્ય શક્તિ વિકસાવશે ત્યારે ત્હેમનો મિત્રભાવ અને સહકાર અદ્ભુત અને વિરલ થશે અને ત્હેમના અનન્ય ઐકયમાં હિન્દવાસીઓ હિન્દમૈયાનું પરમ દર્શન કરશે.

Printed by Chintaman Sakharam Deole, at the Bombay Vaibhav Press, Servants of India Society's Building, Sandhurst Road, Girgaon, Bombay and

Published by Shankerlal Ghelabhai Banker, M. A.
34, Chowpati Road,
Bombay.